‘હૂં ગજવેલિ ન ગંજી કોઇ, પોગર પડી ન મોલિ લોહિ’ ૭૦૭

મંદોઃ–લોહ પાષાણ તણી જિમ પ્રીતિ, નર વાનર તિણીઇ રીતિ.
‘જિહાં ખગ ચુડી તિહાં શિલ તરઇ, સિરિ સંતાપણુ માંકડ કરઈ’
ઇંદ્રજયત જગિ જીત્યો વલી, ઈમ ઉલ્હવતાં લંકાં બલી.
ફિરિ સહોદર સાહામુ થાય, ‘વિણુઠી વેલા વિણુઠો દાહ.’ ૭૦૮

રાવ–દાહ દેવા વિભીષણુ કરિ ધરિઉ, ‘આંધઇ આંધો આગલિ કિરઉ.’
‘કાંણિ આંખી ન ગણીઇ છતી, સ્યું કીજઇ સૂતી જાગતી ? ’
વિધ વિધ વાનર મેલ્યો ઘણો, ‘ભારો કરિ ભુયંગમ તણો.’
‘ઘુલરનાં ઘણુ ન રહિ ઘડી, માંહોમાંહિ મરઈ આથડી.’ ૭૦૯

મંદોઃ—‘થડ સીંચઇ શાખા સમધરઇ, ’પશૂપતિ પરિમલીની કરઈ.
‘મિલ્યા કબાડી હિલ દોહિલા, વાઢી વન કરિસિ કોઈલા.’
‘છાંણી કસ્યાં મુખ મીઠાં થાય ?, કરઇ રખોંપૂ રાઘવરાય.’
‘એક પઈડઇ ક્ષિતિ ખેડણહાર, ભારિ ભરિઉં ભાજિ ભરતાર.’૭૧૦

રાવઃ–‘તરી ન જાણિ કરચલિ તોઇ, પગલાં ભરતો પેખઇ કોઇ;’
‘જલ થલ વિચિ વેલુમાં વસઇ, ગહિલાં કરતો ગુહડ ગ્રસઇ.’
તિમ રાઘવ અધિપતિ અવતરિ, એકૂ વાત ન જાણિઇ કરી.
રાજ વિનાણ્યાં હીંડિ રાંનિ,‘ જિમ મંત્રેઇ પાયા પાનિ.’ ૭૧૧

મંદોઃ–‘પાનિ પડિ કિમ ચૂનો દીઇ, ’વનિ વસતાં કોઈ વનિતા લીઇ?
‘સીહ તણુઇ સો લંઘણુ થાય, મયગલ પાખિ માસ ન ખાય.’
કીરતિ કંથ ભણાવી ભલી, ‘ઝોંટિ માં રાંકતણી રોટલી.’
ધન્ય તે નર અવની અવતાર, ‘ગુડિ ગજ લૂંસઇ ભંડાર.’ ૭૧૨

રાવઃ‘–ભંડારી કાંઇ ભરલો થાય ? રાઉલિ વિરો વિશેષિઇ જાય.’
મઇ મનગમતિ માંડયું ઝૂઝ, ‘કામિની આગલિ કેહું ગુઝ ?’
તું આંગણુઇ સોહાગણુ મોર, કાયા કોમલ કથન કઠોર.
‘આપ સંતાપણિ કાં કરિ કહૂં ? વિલસિ ઘરણિ ઘર લાધૂં વહૂં’ ૭૧૩

મંદોઃ–‘વડપણિ મિલ્યો પવન તું પાન, સીતા ઘર કરસિ શમશાન’

સર્વ શરીર તણું સુખ ટલીઉં, 'જાણિ કરકસિ લોહડું ગલિઉં '
' ત્રિગઢ ટીઠ પરિ વીંટી લંક, માથઈ ડસ્યો ન દેખઇ ડંક. '
કંત ન કીજઈ પાધરિ ચડયા, 'રખિ ઢીકરી ભાજઇ ઘડયા' ૭૧૪

રાવ–' ઘોડિ લીધી ખરિ કિમ વલિ, મૂકું નહીં ચડિઉં માંડલિ.'
આણ્યો પાસિ અયોધ્યાં ધણી, ઘરિ ઉગલ કરસિ આપણી.
કુઅરપદું ભોગવતા પરિ, ' હલતાં બૂકિડં તે સાંભરિ.'
'હાલિ હરિણુ હરિ લીધૂં ગલિ;કિમ કાઢઉં કર આવ્યો તલિ?૭૧૫

મંદો–'તોલિમાં ત્રિવિધિ એક ત્રાજુએ, ખિત્રવટ નાખિમા ખારઇકુએ'
' રાવણુ રાજરીતિ તે ખરી, પરજા પાલિ પુત્રીકરી. '
લોક વિરોધિઇ લિલવીલાસ, ' કાત્યુ પીજિઉં કરું કપાસ.'
'અખત્ર ચાલતાં વિણુસિ આથિ, રસ નીપતો ન લાગિ હાથિ.'૭૧૬

રાવઃ–' હાથી તણા દંતુસલ દોઈ,કાછબ કોટિ ન સરિખાં હોઈ.'
વાત ન લીધી મૂકી કઈ, ' પાપ તણા પગલાં કિમ ભરૂં ? '
જિમ સંકર નઇ સિરિ સુરસરિ, તિમ મહારિ જનઋષિ કુંયરી.
અલગી મૂકું ન એક લગારિ, માંથિ ચઠી ન કરિસિ ભારી. ૭૧૭
મંદોઃ–' ભારિઇં બાંધિઉ રહિ ભરતાર, કણુ કણુ થાતાં કેહી વાર ?'
મ કરિસ માણુસસૂં સંગ્રામ, જાસિઈ કૃતયુગ કેરી માંમ.
જન જીતિ શું યસ વાધિસિઈ ? હારિઇં ઘણું હસારથ હુસિઇ.
'કલહ પ્રીતિ સમવડિ માંડીઇ, કેલિ બોરિ લાંછન છાંડીઇ.'૭૧૮

રાવઃ–છાંડિ મંદોદરિ છાડયા બોલ, ' ગિરિ ડુંગર ન કરિ ડમડોલ.'
'લોઢિ લીહ પટોલિ ગાંઠિ,' જનમ જાનકી બાંધી કંઠિ.
' ઇ મસ મ ધરી મરણુની વાટ,' પ્રાણુ લગિ પરિપૂર્યો પાટ.
જિમ ઉમાદે ઇશ્વર મિલી, તિમ માહારિ મુહરિ મહીથલી. ૭૧૯
મંદોઃ–'થલ ચૂકું ચણિયારૂં ખડયઉં, બાખડ ઉંટ અંબહિડિં ચડયઉ'
' મોર કંચનિં કિંગાયો કાંઈ ? યેગડ મિલ્યો વાછરૂં માંહી.'
તૂં જર જીરણુ તે છોકરૂં, ' ઉંટ કોટિ બાંધિઉં બાકરૂં.'

'ગરઢી ગાય બગાઈ ભરી, બાંધી ગલિ ઘાંટ ઘુઘરી.' ૭૨૦

રાવ;–ઘુઘર વાલિ ભલી જે વાય, 'વચ્છ વખાણ્યા નોહિ માય.'
પૂછિ પૂરંદર પ્રિછઇ ઘણું, મેઘનાદનૂં માંટીપણું.
'દૂર્જન જણુ દીઠિ પરજલઈ, માથિ તરણાં મૂકતાં બલઇ.'
સવા લાખ સુત સરિખા સુર,'કનકમાલ કિમ કીજઇ દૂરિ?'૭૨૧

મંદો:–'દરની માટી દરિ આવટી, પાપીં પુન્ય ગયું સવિ ઘટી.'
તપ કરતાં તુઠો ત્રિપુરારિ, 'સોનૂં સીરામણિ ગયું સારિં.'
ફરસરામિ ધુરી આપી ધરા, 'થ્યા બાંભણ બુધિ પાખિ પહરા.'
ત્યાં રાવણ તું તેહની સાખ,'કોઠી કારણી નાખિમ લાખ.'૭૨૨

રાવ;–'લાખ મિલઇ લેખા ઉફરા, ગેહિઈ તે ન પરાભવ્યુ પહરા.'
જો ઘરિ બિઠાં પુહચઇ આસ, કોઈ ઉહાડિ માંઢી પાસ ?
'જે આવ્યું ઉવેખઇ અન્ન, ભીખ ન પામઇ ભરયૌવન.'
જઉ અબલા નઇં આપ્યો ત્યાગ, ત્યાઇં નાથોપિંગલનાગ.૭૨૩

મંદો:–નાગ નિગોદર નઇ નાગલા, પુરુષ પસાઇં પહિરઇ ભલા.
સાહામું બોલઇ સ્વામિ ભણી, તે પ્રમદા કહીઇ પાપિણી.
કરતાં વિરુઉં ન વારિ કાલિ, કામિનિ નહી તે કર્મચંડાલિ,
'કોઇ કહિનિ પેટિ ન ઘાલી પ્રાણ,' કુલિ પુહુરો દીજઇ નિરવાણ૭૨૪

રાવ,–માણુસ દીઠિ માણુસ મૂકી, 'સહસ્સફણો મૂં ફાટિ કુંકિ.'
મિઇ અલવઇં ઉપાડયો કૈલાસ, લંકા લગઇ ન ખાધો સાસ.
એહવાં કોડિ કરિયા પરાક્રમ, વાલી કહિતાં વિણસઇ ધર્મ.
'ઉભાં નહી બિઠાંહિસસિઇ, જાયાં નહીં કિમ નાહિયા હુંસિઇ'૭૨૫

મંદો;–હસિસિઇ હરિપુર નઇ કૈલાસ, ચાલી કથા કમલભૂ પાસી.
'વાતિઇ વાત કાગ સો થાય, ફૂલ પડિ ચઉસર ગુંથાય.'
સુઇતણી સાહાનિલિ સાંભલિ, શત્રુ સાંગિ પગદેવા મિલિ.
તાહરો પરભવ ઘરિ ઘરિ ઘણો, 'આંખિ દુખણા પાહિ અલખામણો,
રા.–મણૂઆના સાતુ કપિ થાય, 'વાઇ આવ્યા વાઈ જાય'. ૭૨૬

ભૂલી ન લંખિ લક્ષમણ રામ, ‘ ગેહલી ગૂલ ન ગંજઇ ગામ. ’
જિહાં સુર ન સકિ સાહામી કરી, તિહાં નર ‘નાડા વિચિ સીંદરી’
‘જિહાં કુંજર કાંટિ તોલાય, તિહાં પાડા પાસિંગિઇ જાય.’ પ૨૭

મં.–જઈ રાઘવનિ કરિ રહીઆતિ, અજુઆલિ ઇશ્વરની હાતિ.
શંકર સેસ અધૂરી ભરી, આવિ રામ અજરામર કરી.
સીસામાંહિ મિલઈ રસરાય, ‘ સદ્ગુરૂ પાખિ ન સોનૂં થાય.’
જઉ કરૂણા કરિસિ કાકસ્થ, તઉ નર ‘વડી નીપજી વસ્થ.’ ૭૨૮

રા.–વસ્તુ નીપની ગમી વગડિ રિહિયા, ભય ટાલી ભલ માંટી થયા.
સખી ન કીજિ સરખા ઇશ, ‘કિહાં ગંગાધર કિહાં ગોહીસ ? ’
સિઉં અમરાપુર ઉજડ થયું ? ‘તુઠીઆણુ ટીંટા નઈ ગયું ? ’
‘નવકુલ નાગ પડી નીંઠણી, હીંડઇ રાજ હલિંડા ભણી ? ’ ૭૨૯

મં.–‘ ભાણુ ન ભાણિ ઢાંકિઉ રહિઇ, વૂડા વાટ વટાઊ કહિઇ. ’
શેષનાગ લક્ષમણુ લહુઅડો, બલિબંધન બંધવ જે વડો.
પ્રીછઇ કુણુ વિભીષણુ પખઇ, ‘ વાધી ખૂઠી વિધિ ઉલખઈ. ’
‘ ભાગી ભુંઇ ભલા પરિહરઇ, કાગ કાપુરસ ભાલિ મરઇ.’ ૭૩૦

રા.–‘મરિસિ જન ભૂખ ભાવઠી,’ રાઘવ કાલિ કાઢસિ કઠી.
એક વિભીષણુ નઈ સુગ્રીવ, ઠરસિઇ નહીં ઠાકુરના જીવ.
જે બાંધવના ઘરઘાતકી, તે કિમ રહિશિ અનેરા થકી ?
‘ ચોર ચાડ દ્રોહ જાણુઇ ઘણા, ખપિ તિણિઈ લીધાં ખોરણાં.’ ૭૩૧

મં.–ખોરણું અસુર ઉધિ ઊતરિઉં, તઈ ધુરિ ધનદ સાથિ સિઉં કરિઉં ?
‘ જે સાસૂ નિસિ રમતી રાસ, કરશે કુલવહુ તે અભ્યાસ.’
‘ જેહવા ચાલ ચલાવા વડઈ, લહુઆં લક્ષણ તે આવડઈ.’
તઈ સગપણિ કીધો સંતાપ, •નહીં વિભીષણુ બીજો બાપ. ૭૩૨

રા.–બાપીડો બૂઝે પરપંચ, નીચઈ ભરિ ન ગ્રાલઇ ચંચ.
હું સુર નાયક તૂં સૂતારિ, બોલી બાપ તણુઈ અધિકારી.

'પ્રીછયા પખિ પચારિ ઘણું, પાસૂં ઉછઉં પીહર તણું.'
'જે જેહવૂં ધરિ ધાવિ થાન, ખેત્ર વેત્ર બિ સરખી સાંન.' ૭૩૩

મં.—સનક સુનંદન નઈં સારદા, કાશિપ કપિલ સંકરમી સદા.
એક તુમ્હે બ્રહ્માની સાખ, અધો માસ અંધારો પાખ.
મૂલ ડાલિ ફલ વિહિરો ઘણો, સંબંધ કુઆરિ સેલરાં તણો.
મગ કાગદૂ ધરામાંહિ ધાત, કહાં કહાં દોસ ન દીજઇ માત. ૭૩૪

રા.—માતપિતા સુત સગપણ ખરૂં, પણિં 'નીસાણિ નહીં નાતરૂં.'
'રાજ વિણુજ બિ મઇલાં મૂલિ, ધર્મ બોલતાં બુકઈ ધૂલિ.'
દીઠો દશરથ કરતો કઢી, વિસ ખાધૂં વનિતા સિઉં વઢી.
રાંડ બુઈં રહી ન સકિઉ રામ, 'ભાગા ભઈંસા માદલ ઠામ.' ૭૩૫

મં.—ઠામિ રામિ રાખિઉ ઘર બંધ, 'જિમ સૂકડિ વન કરિ સુગંધ.'
'વંશ કુવંશ તણી પરિ એક, પાસઇથાં પરજલઇ અનેક,'
તિમ રાવણુ થાસિઈં સંઘાર, સરિસાં પુત્ર કલત્ર પરિવારિ.
'આવ્યા દેખૂ અવલા દીહ, ચતુર મ ચૂકિસિ ઘરનાં ઘીહ.' ૭૩૬

રા.—ઘી ખાવઉં આંધિઈ વારીઈ, 'ગુલિ મરી કાં વિસિં મારીઇં ?'
રાંક રામ ઉપરિ સિઉં રોસ ? હણી કરિવો હઇયાસોસ.
નાંમ નીગમિઉં સીતા સાથિ, 'પુંહુક છંડાંણો હાથો હાથિ.'
સેહેલાની પરિ આવ્યો સર્પ 'કાંટઈ ભિડતાં ભાજઇ દર્પ.' ૭૩૭

મં.—'દરઈં પાધરૂ પલઇ ભુઅંગ, ઠામિ અનેરઇ મરડિ અંગ.'
અપરમ પર ઉલખિ મહેસ, રખે રામસૂં કરતો રોસ.
'વાઈમારી કોઈલિ વન તણી, આવી ગંગા આલસૂ ભણી.'
રાઘવ 'દૂધ ભયો દાહિમો, સકલ પદારથ દેવા સમો.' ૭૩૮

રા.—સમરથ નહીં કો શંભુ સમાનિ, મહિમા માણુસ તણો મ માનિ.
'કિહાં ખગપતિ કિહાં ખડમાંકડી? કિહાં વાસિગ નઈં કિહાં વિસ્તડી?
'કિહાં કણુયાચલ કિહાં રાફડો ? કિહાં વડ સાયર કિહાં વીરડો?'

‘ કિહાં રવાડી રાજા તણી કિહાં નાપિત તણી નરહણી ? ’ ૭૩૯
મં. ‘ હીન શરીર હુતાશન તણું, ડુંગર બલતાં દીસઇ ઘણું.’
‘ખોખર ડાંગ ન દીજઇ ખોડિ, ભાગઇ નીમાહાડાની કોડિ.’
સહિસાર્જુન નઇ વાનર વાલિ, જેણિ તું ‘ પાડિઉ જંજાલિ,’
તે બિહુ જણની ભુડી નાવ, સિઉં કરવા ‘સાહામૂં બોલાવિ’? ૭૪૦
રા.– લવ લાગી ઘરણી નઇ ઘણી, ‘ ભમૂં વિયણુ જિમ વીંછી તણી. ’
‘ વલી વિલોણા પરિ આંધલી, માંખણ છાસિ ન જાણિ મલી. ’
‘ ઝાઝું ઝંખઇ ચાચરિ ચડી, મૂકઇ રાંડ હાડિ સારડી. ’
‘ ભોલો સગો ઘણો ગુણ કરિ, સો વયરીના સરિખું સિરિ.’ ૭૪૧
મં. ‘ શિર ઉપરિ ન સીસક હોઇ, ગાલિ મરણ ન ઉફરી કોઈ. ’
‘ બૂસડિ સર્વ સમો નહીં દંડ, વર કરિ હણિ મ ભણિસિ રંડ.’
તાહારા કહિયા પખિ તે હુસિ, દસ સિર પડતાં જગ જાણસિ.
‘ કાપડ કોહાડિ જો ધોઇઈ, કસલ વાટ કેહી જોઇઈ ? ’ ૭૪૨
રા.—જોઇ મતિ મેહાનવ કુઅરી, ‘લોકિં ન લીજઇ’ લંકેસરી.
‘ ઉભો કો ચાવઇ અધઘડી, સૂંઢાલા વાહિ સેલડી ? ’
હું ઇશ્વિરિ અજરામર કરિઉં, રાઘવ જરામરણિ જાજરિઉ.
બોલિમબોલા તાહરઇ વડી, ‘કિમ કોઠી કાથરોટિ ચડઇ?’ ૭૪૩
મં.—‘ જડ ઉજડ કાં કીધૂં રિદિય, માંથઇ પડિઉં’ મંદોદરિ વદિય.
‘ લોચન ચ્યારિ બઇસતાં મિલી, સૂકાં સાલ હલાવ્યાં વલી. ’
‘ જીતિ વાહિ મ મરિ ભાલોડિ, કાંઈ સેઢિ સીરામુણુ ફોડિ ? ’
‘ખેતલવાહન ક્ષીર કિમ જરિ ? કુંજર કોઠઉ કોઇલા કરી’ ૭૪૪
રા.—‘ કારણિ કારિ ચડાવી ઘણિ, વાંસઈવાંસ જિમ ગર્દભ તણિ.’
‘ પોત પખઇ પટમાહે કરી, ભૂંડણિ ભારવડિ જોતરી. ’
‘ગજપાખર કિમ અજિ ઉપડિ ? ભગરી ભીખ ન સીકઇ ચડિ.
મીંઢી મંદોદરિ જોઇઓ બડુ, ‘ગામ ન રૂખઇ એરંડ થડુ”. ૭૪૫
મં.—‘ થોડિ નીરિ ન તરીઇ કંત, પગ પેખીઅઇ ચડયા રેવંત. ’
‘ જલ વિણ મોજા અમ ઊતારિ, કરતાં જીભ ન જાઇઇ પારિ.’

'શુણ સીંગણિ બિ સરીખાં નમઇ', તો વયરીનાં મન વીસમઇ'.
' થડિ બાંધિ તાણિઉં ત્રુટસિ, મથતાં કાલકૂટ ઉઠસિ.' ૭૪૬

રા.—' ઠેસિ ન ઠબકો તુઝ લાગસિ, ' શીતનિ શારંગધર માગસિ.
જાં હું ઊભો આખઇઆણી, તાં તુ ગોરિ તણી ગોરણી.
' માંડ મ ઘાલિસિ માથિ છાર, હવિ થાસિ પાણી ઉતાર.'
'ગાડા હેઠિ સણહો સાંચરિ, ભાડ ભીડાતાં પહેલો મરિ.' ૭૪૭

મં.—મૂરખ મતિ હેતાં ચઉપઇ, સો સંખ્યા પરિપૂરણ થઇ.
તોહિ ન લાગિ સીખ શરીર, ' કાલમીંટ કીમ ભીજઇ નીર ?'
પ્રિય પ્રીછવતાં 'માથું પલિઉં, જિમ પાડા સિરિ પાણી ઢલિઉં.'
'વનવાસિઇ નર નીલજ તણઇ, સીતલ છાયા સીધર ભણઇ.' ૭૪૮

રા.—સીધર ભણઇ છઉ દસકંધ, હું વિદ્યાનો સુભટ સંધ.
જે મુખિ વાંચઇ વેદ પુરાણ, તે મૂં આગલિ મૂંકી માણ.
પિતા પિતામહ બંભણબીજ, વૈષ્ણવ ભાઇ રતિ ભત્રીજ.
' લંગન જિસિઉં લંકા ઘરિ, પીહરિ પગરણિ મા પ્રીસણઇ.' ૭૪૯

મં.—સુણિ સ્વામી વનિતાની વાત, પ્રીછઇ નહી તો પૂછિ વિધાત.
મઇં રાવણ દીઠા દસ વીસ, લંપટ ન હતા લંકાધીસ.
ઉત્તમ કુલિ તાહરો અવતાર, ' વણહું દુધ ન લાગિ વાર.'
' મૂલઇ મયલ મસોતા માહિ, ખીરોદક નઇ ખાંપણ થાય.' ૭૫૦

રા.—થઇ વિસ કંન્યા વરપાહિં વડી, 'મંગલ માહે પડિઉં ચૂંનડી.'
કુલખંપણ લંકા અવતરી, લખ નિપાત્યા લંકેસરી,
મનિ ગમતા ભૂપતિ ભોગવઇ, ' કરઈ નાકિ દિવાલી નવી.'
અજરામરણના જીત્યા માગ, કઈ કામિનિ તઈ 'ખાધા કાગ'. ૭૫૧

મંદો.—'કાગ ઘણું ધાઢાપણ કરિ, મલ ખાવા મહીઅલિ ઉતરિ,'
'કોડા કોડિ મિલઇ કુરંગ, સોધિઉ એક ન લાભઇ સિંઘ.'
પાધરસુ ઘર માંડઈ ઘણાં, ' નગર ન દીઠાં પાપી તણાં,'
રાક્ષસ રામ કરઈ સંઘાર, ' વહિ વયરીની એકજ ધાર.' ૭૫૨

રાવ.–ધુરિ મંદોદરિ કીધી વડી, ‘ લુણાગિરિ તરવા તૂંબડી. ’
‘લાકડકૂટ તણી લોહડી, કહિ કીડી સોનઇઇ ચડી.’
‘કોઢી તણા ન કોઢી હોઇ, ટબકાં પાંચ ન ટાલિ કોઇ. ’
‘આયસિક બેટી કહિ તે ખરું’, મઇદાનવનૂં માથા સરૂં.’ ૭૫૩

મંદો.–‘સિર ઉફરૂં ઉદક સો વામ,’ તિમ લેખવયો લખમણ રામ.
સીતા ‘ સિલ્યા સરિ બાંધી વડી, લોણાગિરિ તરવા તુંબડી,’
ચંદ્રચૂડનઇ ચડિઉ કંધિ, જો સ્વામીસિઉં પડિસઇ સંધિ,
‘તઉ કસણી થાસિઇ કોરડું’, નિત પોકારવ નિત નિત મડું.’ ૭૫૪

રાવ–‘મડિ માંસ નહીં એક લગાર, ચંડી માગિઇ ચઉસઠી ભાર.’
અવધ્યાપતિ કુહાવઇ મરિ,‘ માંડ મંદોદરી માંટી કરિ,’
‘ભુજ લાગઇ ભાજઇ બાપડો’ તે ઘણુસિઉં કિમ ભિડસિઇ ઘડો?
‘એક ભણિ ઉઠઉ માંકોઇ’, બીજો કહિઇ બઇઠાં રીંકોઇ’. ૭૫૫

મંદો.—‘શંકતણી રામતિ’ સાંભલો, વર વીનવતાં ‘પડસિઇ વલો’.
જે જનમાંતરી હુંતી સલ્યા, તે તતક્ષણિ કીધી અહલ્યા,
હસતાં હરિનૂં ચુરિઉં ચાપ, આજ લગિ અધિકો પરિતાપ.
પૂરાં કોડિ ચડયાં તસ પૂંઠી, ‘પલ માંહિ પૂણી મણ માંહિ મૂંઠિ’.૭૫૬

રાવ—‘મૂંકુા કર સાથિ આથડા, થોડી બુધિ નઇ થોહરિ ચડાં.’
મઇ જીત્યા મહિમંડલિ માલ, દીઠુઇ દંતી છંડઇ પાલ,
‘ગલવા કોઇ ન ઘાલિ ગલાં, હાકઇ હરિણ કરૂં પાંગલાં. ’
‘રૂંધ્યો રામ ન છુટિઇ વડિ, માંથું મહિષ તણિ સીંગડિ.’ ૭૫૭

મંદો.–‘ગાડાં વાટિ ગાડલી જાઇ, ગામ લોક નઇ પાવે પાઇ. ’
‘વેસણ એક સેર તિમ સૂંઠિ,’ જિમ ખર દ્રૂખર તહારિ પૂઠિ.
‘યમપૂરનો મારગ મોકલો, જુનાં પિતર ચોગિ તે પલો. ’
‘મૂરખ પુરુષ પાહાણસિઉં ભિડઇ,કરિ દીપક કો કૂઅઇ પડઇ?’ ૭૫૮

રાવ.—‘પાઃ ચડાવિ મ પ્રમદા ઘણું’,’ રાજ ગમિ તૂં રાઘવ તણું’,
જાણૂં અસતીનો અધિકાર, ‘સૂતી સમરિ પર ભરતાર,’

'ધનિ જાનકી જનિતા કૂખ, (જે) વ્યાપી જમલી વેઠી ભૂખ,'
સતી તણી નવિ ચુકિ ચાલિ, સહિજ ન સીખ ન ઉખધ ટાલિ.૭૫૯

મંદો.—ટીલું ત્રિશુદ્ધઇ કોટિ તુઝ કરૂં, માણુસ હાથિ મરણુ પતગરૂં.
ધર્મ વિરાણિ ચઉદ ચોકડી, 'અખત્ર ચાલતાં અધલી ઘડી.'
દેવ દાનવ ન મરી માનુષિ, 'તેણી નીંદ્રઇ સૂતો રખે.'
અચલ તરિયા એણી અહિનાણી,સીત સચુડી જાતી જાણિ. ૭૬૦

રા.—જોયણુ કોડિ હતી જાનકી, આણિ કિણઇ અયોધ્યાં થિકી?
'જે જસ ઘટતી તે તસ ઘટિઇ,' દશરથનંદન કિમ દાબટિઇ?
'કર્મવિહુણો કરસણુ કરઇ, વહિડઇ વરસ કિ ધોરી મરઇ.'
'વછ વિણાસઇ અંધો વણઇ, કીડી સાંચઇ તીતર ચિણઈ.' ૭૬૧

મંદો.—'ચણતાં ઘાઠી ચંચૂલ તણી, કાકી થાકી પાપડ વણી.'
મનિ મંદોદરિ ગહિલી ગણી, 'કસ કાંચલી ધવારિ ધણી.'
'ઘહું ગણિ માંડા કોણુ માત્ર? જાનકી નહીં ઘર સરિખી જાત્ર.'
'માંસ વડિ પોલી પરગણું', સીતા શ્રીફલ હોલી તણૂં.' ૭૬૨

રાવ.—'તાણો વાણો મ કરિ' તારુણી, તૂં વયરણિ વૈદેહી તણી.
'ચોરી પડઇ ન મુંહુંગી ભાગિ, વહિતી નીક ન દીજઇ પાગ.'
સીતા પાહિં સપરાણી સોકિ, જે પ્રીઊ મિલી પોઢિ ગઉખિ.
'આંબિ વહી ઉંચી વનખડિ, વાડિ દૂબલી છીંડું પડિ.' ૭૬૩

મંદો.—'પાડા પાહિં કાલુ વાટલું, શ્રાવણુ માસિ ન સીંચિઉં ગલૂં.'
'પાંચ કલસ ઘી કરતી ગાય, મુંહડઇં ટિપ ન તાતૂં જાય.'
તિમ શીતા સિઉં કીજઇ ભલી? 'જો વસિ નાવઇં તો વાકલી.'
જિમ આગિ એક ગર્ધભ હૂઉ, કુડીઆસ કરંતો મૂઉ. ૭૬૪

રાવ.—સું આગલિ સીતા શરીર, 'ખોલિ મંજારિ ભલાવી ખીર.'
'એક અબલા નઈ બીજાં બાલ, વિણુ સીખવ્યાં ન છંડિ છયલ.'
'જિમ રાઉલિ ગ્યા ન વલિ શશા,' તિમ વૈદેહી 'વીસઇ વિસા,'
બોલિમબોલી મ કરી આગાલિ,''નાંખિ મ જલિ સોનાની ઝાલિ.'

મંદો.–'ભલપણુ ભેલિ પડી ભરતાર, ફાટિ પેટિ ન પાટા ડાહાર.'
નગરિ પગરિ ધલોહરિ ચડા, 'નાભિ નિરંતરિ કીડા પડા.'
વચન વિભીષણિ લોપિઉં વડું, 'તાતઇ જલિ બાલિઉં ખોલડું.'
'છટ્ઠિકા ઘટિ ન બુઝિ બૂચ, પાણિ પીયારિ આપિઉં કુંચ'. ૭૬૬

રાવ.–કૂંચ ન માથા ખલિ જૂ જૂઉ, 'એકજ ઘાઇ ખણુસિ કૂઉ.'
જે પરિ થાસિ પલિવંગ તણી, 'એક રીત તિમ બીજાતણી,'
ભલું વિભીષણુ મૂંકયો પહરો, 'કોઢી રૂઠો રવિ પાધરો.'
જો હેઉરનૂં દોહિલું થાય, તુ એ' ઉંડલ ઉઘામાહિ.' ૭૬૭

મંદો.–'મુખ કુંજરનું મમ કરિ કંત, ખાવા જોવાના હોય દંત.'
'ચોર ચાડ બિ ધરીએ આંહિ, કુડઉં કહિતાં મરીએ માંહિ.'
'જાણિ રૂષ જંબકના હુઆ, ઝાઝૂં જલ પીધાં ઝાઝૂયા,'
'લંપટ લાજ ન લાગી કિસી,' 'વાઢિઉં તે જે વાઢિ ઘસી.' ૭૬૮

રાવ.–'ઘસિ માં ઘરણી મુહ સંભાલી, જિહ્વા જો બડકેરી કાલિ.'
'અતિ લવતાં અણુચીતિઉ પડિં, કહીઇં વિષ કાકીંડી ચડિ.'
'મુઝ દાખિ ન સાવિજના સોર, સવિ સીઆલ બગામણુ બોર.'
ઊંડાં તીમ ઉઠણુ માંકડાં, નર નીરતાંની ખાસી મડાં.' ૭૬૯

મંદો.–'મૂંડા તેલ ન મૂંકઇ કોઇ, હાંડી હેઠિ હુતાશન હોઇ.'
'ભૂખિઉ ભરિ ન બિહું કરિ સીથ, તરિસિઉં પણિ જલપીઇતીથ.'
'પરવસિ કરતાં લાગઇં વાર, એક પ્રમદા બીજો પ્રકાર.'
નલ કૂબરના શાપ વિશેષિ, 'દૂધિઇં વાહિઉ ડાંગ ન દેખિ.' ૭૭૦

રાવ.–દેખાડિસિ ફિરતા પ્રાસાદ, અસુરસુતા ઊતારિસિ નાદ.'
ત્રિભુવનિ ત્રાસ પડિ મુઝ ભુઇ, 'તાડો મ કરિ તેહનિ મુહિ,'
મહારી આણુ ગદાધર ગણિ, 'કરિ બાંધિઉ કાચિ તાંતણિ,'
હું હરિપુરનો 'યંત્ર પાતાલ, થાઇ ન વયરી વાંકઉં વાલ.' ૭૭૧

મંદો૦–વાલિઉ વેઢ કરી વનકટી, ભેલી ત્રિગઢ તણી તલહટી.
લૂસઇ લંક ચડી ગઢિ ગૂલ, સાથિ સવાલક્ષ શાર્દૂલ.

આધિઉં જલ તલિ પાડી શૃંગ, 'રાખી ન સકઇ દૈવ દુરંગ.'
'જિણિ બાંધ્યા તિણઇ છુટીઇ, કાંઇ કમલ ડાંગઇં ફૂટીઇં'? ૭૭૨

રાવ૦–કટકબંધ તિમ દીસિં ઘણો, જિમ પર ઘોરાદેગમ તણો.
દલનાયક થઈ આવ્યો નીંચ, 'ઉખરડી ખાટિઇં ઉલ્લેચ.'
'ખાંડૂં પાડાપાડી વડિ, ફ્રાટિ ડાકલિ જાગર પડિ.'
'શુંકિ પૂઠા ન થાસઇં રામ, હરિચંદ હાટિ ન પૂરિ હાંમ.' ૭૭૩

મંદો૦–'હેમ હુતાશન હુનું ખરૂં', તિમ શીતા બલતૂં ગાડુરૂં.'
લખમણ હાલાહલ લેખવઇં, 'તોલું ન માનઇ તો માણે મવઇ.'
નિર્મલ નામ ન કીજઇં વ્યતું, રામચંદ્ર 'ચકમક ચાલતું.'
'વયરી વધ સેવક સાધાર, યમ દેહ દર્પણ ઉપરિ આકાર.' ૭૭૪

રાવ૦–એહ કારણિ સાંભલિ સૂંદરી, 'ચકમક નાખિસિ ચૂનો કરી.'
'હાલાહલ હરનિ ભાલવું, નીલકંઠ ગલિ દીસઇ નવું.'
'બલતી ગાડર બોલીસિઇ નીરિ,' સીતલ થાસીઇં શીત શરીર.
'માદલ કારમુ યે પેખણૂં, આગલિ વાદૂં પાછલિ લણું.' ૭૭૫

મંદો૦–'ખણતાં ઊકરડુ ખરડાઇ, વગદાં વીંણુ વગડા માહિં.'
'કોઠી ધોતાં કાદવ કરિ, ટાલિ મ તરણું તિમ સાથરિ.'
'સહયાં દલઇ સિઉં સીઝિ કાજ; વિલખાં કરતાં વિણસિ રાજ,'
સુંપીશીત સીખામણ માનિ, નહીંતર રાવણ ભૂલો રાંનિ.' ૭૭૬

રાવ૦–રાય નલવર નિત કરિ રસોઇ, દાત્રાનલ કરિ કાપડ ધોઇ,
શશિ ભઇંસાઇત જિમ જલ વહિ, બીજા ગ્રહ ઘરી બાંધ્યા રહિ.
વિહિ વાહિણ ગણપતિ ગોવાલ, નારદ તુંબર પુરઇ તાલ,
તે ઉપરિ સ્ત્રી લાંપુ લવઇ, 'કોઇ કીડીનું દર દાખવઇ !' ૭૭૭

મંદો'–વાઘ વિદા નવ કોઇ સાંમૂલ,' ઉદયાચલ ઉપાડીઉ ગુલ.
દેખી ઉતરતો અભિમાંન, 'આડા આંખી ન દીજઇ કાંન.'

'કાલો ગોલ મનિ જાણિ ગલો, પેખિ પરાઠી સીહ સાંકલ્યો.'
'ઇદ્ર કોપનું એહ અહિનાણુ, તૂંબાની પરિ તરિયા પાહાણ.' ૭૭૮

રાવ.–'પાહણ ન પડિઉ જિમ તૂં જિણી, પહિલા પગ છાંડિ પાપિણી'
પીહરિ પડસૂધી ક્રીડલૂં, સર્વ સુતાહરું સૂઝિ ભલૂં.
પિતા વિતાં પીયારાં કરિ, 'તૂં ગોખરૂ કરિ કાંટો સરિ.'
મૂં મતિ દેતાં 'માથિ ચડી, સૂધી સ્વાન તણી પૂંછડી.' ૭૭૯

મંદો.–'છોડ ગલીનો તલસી માંહિ, તૂં ચતુર્મુખ નિ ચોથિ પાઇ.'
'કંટક કાઠ ન જાણી નમી, ખિર ખાખર નિ સૂકડિ સમી.'
મુહિ મહાદેવનૂં મૂંકિ નામ, 'પોપટની પરિ સાલિગરામ.'
વેદ ભણિ વૈશ્રવા વછ, 'બગધ્યાની પરિ મારિ મચ્છ.' ૭૮૦

રાવ.–'મછ મલ્યાગરિ ઉગટ અંગિ, સૂંઘિઉં દૂધ ભજાઇ ભૂયંગ.'
'ઘડ ગોરસ તૂંબિણિ સીંચાય, રામરાજ કરસિ ઘરમાંહિં.'
'ગંધ ગુરલ લહુઆ પણ કૂડ, સાહજાઇ ન મુંકાવઇ સસિ ચૂડ.'
'હણતાં કામિનિ હત્યા હોઇ, ભાજન ભીખ ન ભંજઇ કોઇ.' ૭૮૧

મંદો.–'કોઇ સાચું કહિતાં કિમ ગમિ?' ગહિલા કંય 'અહિઉ આથમિ.'
'તૂંબા ટાલિ ત્રાપો થયો, શઉત સહિત રસાતલિ ગયો.'
'માણું થડુ ન આવઇ ઠામિ, ગજપૂંછ લિઉ ન ઉઠઇ ગામિ.'
નરનાયક નઈ નાંમી કંધ, સાહમો જઇ કરઇ સાજા બંધ. ૭૮૨

રાવ.–'બૂંધાણુ બોલ વિચારી બોલ, ગણિ ન માદલ ઢમકા ઢોલ.'
નર વાનર દલ દાખવિ કિસિઉં,? 'ઉંટ તણુઇ મુખિ જીરું જિસિઉ.'
'લોટ લવણ પરિ જાસિ નામ, ઘણા કાગ વચ્ચિ રાજા રામ.'
'શાખામૃગ મેલે સો ભાર, વૈશ્વાનર નઈ કેહી વાર?' ૭૮૩

મંદો.–નર વાનરની વિસમી વાત, મારી અખય કરિઉ ઉતપાત.
બાલી લંક લગાડિ ખોડિ, મલિયા કઠિન કપિ કોડાકોડિ.
'રખે પડિ રવિ' રાણી ભણુઈ, 'ઘણા હાથ ધરિ વયરી તણુઈ.'
એ અનરથ ક્ષિતિ થાસિઈ ખરુ, 'તો કુલનો નાખીઉ કાકરુ.' ૭૮૪

રાવ.–કુંઅર તમ પામ્યો કૈલાસ, 'પારો મરે તો પુરઇ આસ.'
'અખિ પાખિ નહી દુઝિ ગાય, કઇ કસ્તૂરી કડુઇ થાય.'
'વીવાહ ન રહિ વિણુ કાચરી, સિઉ એટાની પડીસિઇ બરી' ?
'અંબુદ માંહિ ભરી અંજલિ, પોહુલિ પેટિં વીઆસિઇ વલી' ૭૮૫

મંદો.–'વલતી ન વલિ કૂઆ છાંહિ, મન માંડા મુખિ લૂખા કાંઈ ?'
'એત્ર પીઆરિ બાંધી ટોહિ, પન્નગ નાઠો પગલાં જોહિ.'
વિષમ દેસ લીધો વાંનરિ,' અંતકાલિનું' કો ઉખધ કરિ?'
રામિ વિભીષણુ આપિઉં રાજ, ટાઢી તાપિસિ કેહા કાજ ? ૭૮૬

રાવ.–'કાજલ વદની'કાંઈ સંતાપિ ? 'ત્રુટઈ ન સીકાં તાહારિ સરાપિ.'
'તૂં ઘર ઘણાં તણી પરૂહુણી,' દસમુખ ન ગમઈ સુમુખ ભણી.
જગ જાણિ પંચઉલી પિતા, સંઘવિલાસણિ તેહની સુતા.
'બીજ ન બીજઉં ઊગઇ અંસ,હાડી તણા ન કહાવઇ હંસ.' ૭૮૭

મં.–'હંસક હલૂઆ ન છંડિ' સૂણો, 'ભૂપતિ થયો પણુ ભીખારી તણો.'
જૂનાં કથન કરિયાં પરમાણુ, 'રાજ વિણાસી રાખિઉં માંણુ.'
તઇં ક્ષિત્રિ ભૂપતિ ખેર્યાં પલી, માહરું પીહર વગોડિઉં વલી,
'પરજલતૂં દેખઇ પરદેસ, હસઇ ચાલણી કરવા રેસિ.' ૭૮૮

રાવ.–રીસ ન રાવણુ ઉપરિ ઉલ્હવઇ, 'પડી ટીપ જિમ તાતઇ તવઈ.'
'ભાગું હેઠિ ભરિઉં હાંડલૂં, ડાંભ્યૂં ડંકિ ન બોલઇ ભલૂં.'
ગયું ગોત્ર દસમસ્તક ભણિ, 'મરણારી ઘરિ મેલા તણિ.'
'લાંબી જીભ લવંતી વારિ, કંદ કાઢિસિ દસમિ દૂઆરિ.' ૭૮૯

મંદો.–'દોરા દસી લગિ આંગમી,' ગુણુ કેહા વૈદેહી ગમી ?
આણિ જનમિ અધૂરાં ચડિ, રુદ્ર કાલિ જૈ રૌરવિ પડિ.
તે 'ઊંબાડ કવણુ કરિ ધરિ ? વિપ્ર વઢી તૂં કાલૂં કરિ.'
'લોભી લંપટ લાહૂ દાખી, હેતુ વચનિ દિઉં કેહની સાખી?'૭૯૦

રાવ..–'સીખામણુ જે સ્ત્રીની કરિ, વણુ કાયા વરતિ સાસરિ.'
હું ઉથાપી થાપૂં બ્રહ્માંડ, હૈઠોઠીઉ હસાવઇસિ રાંડ.

'ચુંખિણિ માંહિ માં સાહમાં સીંગ, માંહોમહિષ માં ડાંભિ તડીંગ.
હું વીવાહનઈ વઈરિ વદૂં, ઊંધમુખી તાણી મરડા ગદૂં. ૭૯૧
મંદો.—ઘરમાંહ બિઠો બરલિ ઘણું; સૂરાતન તાં તુરૂણી તણું.
ચિત્રામણિ તિમ ચતુરંગિણિ, નસિ હર ન સકિ હરિનિ હણી.
'માલા ગોટા મમ કરિ હિઈં', 'મેગલ દૂધ ન જામિ કહીંઈં.'
'માતા કહીંઇ ન મૂંકી મોટ, વઢી વલી દુર્જન સિઉં હોટી?' ૭૯૨
રાવ.—'ડાટી રહિ મુખિ નીર મ ચાવિ, ઘણી ન વહાલા વહાલીઘાવિ'.
'ગાય વ્રીઆઈ શુઆંહરઇં સહીઆરી પેટ ફૂટી મરઇ.'
તિમ તૂં પીઆરિઈ સિંઇ બલિ ? નરકી પડિ તું પાપી ગલિ.'
સતી તણા સવિ છાંડી ધરમ, પર નરનાં ભાખિ પરાક્રમ. ૭૯૩
મંદો.—'કર્મપાખિ પરસો પામિયું', તે તિણિ અવસરિ અંધો થયું.'
તિમ તુંહનિ નવનિધિ સાંપડી, 'માંકડ કરિ ચિંતામણિ ચડી.'
'અલગાં ઘરની આંબલિ જાણિ, ભવ માનઈં ભૂંડાણનું છાંણુ.'
'ખીંખર ખપર કહિનિ નાપીયું, પરભવિ પેટભરી સહુ ગયું.' ૭૯૪
રાવ.—'ગયું ગોત્ર હેખૂં ગાંગરિ,' મંદોદરિ અતિ ઉપર કરઇ.
'તિમ ટીંટાડી તાહરી આલિ, પડતુ આભ ન રહિસિઈ પાય.'
મિલિ વિભીષણ નિ વાંનરાં, કિમ તે છોડવસિ ધનીધરા ?
'તિમ ઝાંઝાપણિ નોહઇ દૂલંભ, વેણી વારિ ન શોષઇ કુંભ.' ૭૯૫
મંદો.—'કુંભકરણ નિદ્રાઘાંઘલો' વાંનર કટકિ વિભીષણ મિલયો.
મોભી માકડિ મારિઉ અખય, વરનઈ વૈદેહીનઉ વિષય.
રાંક રીંછડઈ બાંધિઉં સેત્ર,' ગહંભિ ભેલ્યાં ગહુંનાં ખેત્ર.'
અંધિ દેસ લુસિઈ આજ, ભલ પાટણ ભીલમનૂં રાજ.' ૭૯૬
રાવ.—'રજ સૂરિજ સાહમીં મમ નાંખિ, અબલા ધૂલિ ભરાસિઈ આંખિ.'
જાણ કરિ કમલપૂજા નવિ ચડી, તે કર કિમ મારઈ કાપડી ?
જિણિ ભુજિભાવિ રીઝવ્યો રુદ્ર, તે કપિ ગલિ કિમ ઝાલઇ ચંદ્ર?
જાણું કોમ વઢિયા વણિ સરિ,' તો સીંગઇ સાંકલ ઉતરઇ.' ૭૯૭
મંદો.—'તરસ્યા તણું તેરમઈ વીયાઇ, આગમચીતું અનેરૂં થાઈ.'
'સતી ભણિ સિણગારિ લાખ, અધવાણી બલિ ઉડઈ રાખ.'
પાપી પ્રીઉડા તે પરિ થઇ,' જલપપોટા જાસઈ વહી.'
'કરતો ગહિલીનાં ફૂલહડાં,' વસિ નાવિ વાનરના ભડા. ૭૯૮
રાવ.—ભૂંડાં કર્મ કરિ કરકથા,' બાલ્યા મુખની બોલઇ હથા.'
'ખીર ખાંડ આરોગઇ વડાં, કહિ પૂછી પહિરઇ કાપડાં.'
વનિ કરઇ વેગડ કુંડલાં, તે રીસાવી રહે વેગલા.

તૂં નીસરિ કુલહીણી કલંક, 'સાતઇ ફેરિ એકજ ગંડિ.' ૭૯૯
મંદો-ગાંઠિ સતરસઉ સીકરિ, 'આગલિ ઉટ ન તિ ઉગરિઇ.'
'જાઈ સીઆલ ન હુંતુ સૂર, યમનિ માલવ જાણુ મ દૂરિ.'
કુલિ વહુઅર સુકુલીણી સુતા, પતિ કેરી પાલિ પતિવ્રતા.
'રાજા લક્ષણ હુંડી તણાં, કલિવર કિમ રાખિ આપણા.?' ૮૦૦
રાવ –પૂર્ણ બંધન પ્રીઉનઇ કરી, 'શત ગાધા થઇ સીકોત્તરી'
'ઘાસી પીસી થઇ મસવાસ, ઘોકઇ કરસણ ધર્મવણાસ.'
અહિવાતન ઉંડઇ અન્તરી, મઉડ ન છૂટઈ મંદોદરી.
'લોક બોક મુખ મોટાં સહી, નગરનાયકા કંન્યા કહી.' ૮૦૧
મંદો.-કહીઇ કિસિઉં સદાસિવ રેસ, સ્વામી કીધઉં સીંગલદેસ.
'જે કોઠીઉં ન જાણિ ઘેઠી, કરિ તેહનઇ દીધી તોલડી.'
'કિમ કુલાલી કહિ કપાટ ? જાણિ હડિ હલિ માંડિઉં હાટ.'
વસુધા માંહિ તૂં કીધા વડો, 'કનક તણિ પંજરિ કાગડો.' ૮૦૨
રાવ.–'ગૂડા ગાડઃ સરિસા બંધિ, ઉભી ઉતરિઇ સરલ સંધિ.'
'આખઇ મુહિ બાંધ્યૂં બાહારડી, નાક ચાંપતાં નઉમીં ઘડી.'
'રસના તણા રૂધિરઈ મૂંઆં, જોડયાં કથન કહઇ જૂ જૂઆં.'
જઉ અધિકેરૂં દીધું અંચ, 'ખીજવતા ન કરઇ ખલ ખંચ.' ૮૦૩
મંદો.–'ખાંચી કરિ બાંધ્યુ ખારેટ, સનેપાતના દીજઇ સેક.'
'વૈદ વિનોદી આવ્યા નવા.' બલીઆની ભૂકી મેલવા.
'સપ્ત ધાત સોખી સામટી, રોગ પીડ ગઇ જેહની ઘટી.'
કાયા કામજ્વર પીડિ જાસ, 'વાઢી ગલું વછોડિ ઘાસ.' ૮૦૪
રાવ.–'ખસતી કાં કરિ ભઇરવઝાંપ? તેડઈ જાર જે સરસા સંપ.'
શાખામૃગ જે માર્યો રંમિ, અબલા એ બોલી સંગ્રામિ.
આગઈ કિણઇ હણિઉ શાલૂર? 'સાસૂ આગલિ કહાવ્યૂ સૂર.'
તિમ રડવડતાં જીત્યા રોડ, 'લગડઇ ભુઇ મુહિ લીધી હોડ.' ૮૦૫
મંદો.–'હોડિઈ હાટ ન કોઇ ઉઘડિ, લોક વિગૂચઈ લાંઘણું પડિ.'
'બાંધ્યૂં બેટ ન મૂંકઇ તીર, યમ કઢિપંજરિ ઘાલિઉ કીર.'
વાંનર રાજ વિણાસઇ વડૂં, 'અંબર ફાટો સ્યૂં થીગડૂં ?'
'બાલક રૂંટી બિસઇ ઝાડિ, કાડિજ કાઢિ કિમ ઉઢિ ધાડિ? ૮૦૬
રાવ.–'ધાડિ ધણીનંઈ બિમણું પ્રાણ,' બાંણું ક્ષોહણિ છૂટિ બાંણ.
ધરા ધંધોલી બહુ રણિ ચડી 'વાંનર વાઘ ન રહિ ચાપડી.'
'પેડુ પેખાણી બાણૂ મિલ્યૂં, છાનૂં રહિ કિમ વિષ છલછલ્યૂં ?'
'રાંડીપૂતા પડિાસઈ પાસિ, જિમ છોકરડાં પીસઈ છાસિ.' ૮૦૭

મંદો.–'છાસિ ન પાણિ બીજૂં ખમિઇ, અસુર નથી જે કો આંગમઇ.'
એક બોલી મુખિ બોલઇ ઘણૂં, વયર ન વાલૂં કુયર તણૂં.
'શેડ શંક તેહ બેઊ ઘડિયા, કરિ કટકા નઇ પોલઇ પડિયા.'
'ઘણિ કૂટતાં ન દૂખઇ ડીલ, મોટા દૈત્ય મનાવ્યા મીલ.' ૮૦૮
રાવ.–'માલ વિધા મૂં સરિતા ભડિ, સૂરપણિ બાંધ્યા આકડી.'
દશરથ વાધ્યો બ્રાહ્મણ વધી, પાપિઇં પુત્ર જણ્યા પારધી.
જોતાં ત્ર્યંબક ત્રૂટી પડિઉં, પાતિક પરિણ્યું પુરૂં ચડિઉં.
હવિઇં વૈદેહી જો વાલસિ, કુંઅર કોડિ નાંમ ગાલિસિ. ૮૦૯
મંદો.–ગલતાં તરૂઅર ગુડયાં ગૂલ, ચૂરિયાં થડ જે હૂંતાં ફૂલ.
પરદેસી પરિપરિનાં વ્રક્ષ, તે ઊપાડી નાંખ્યાં દક્ષ,
કો રખવાલ ન રહિ વનમાંહિ, સવાભાર સન્હારી થાય.
આગઇ વાનર વિલગઇ વિરૂ, 'પીઆરૂં હણતાં હીંસરૂં.' ૮૧૦
રાવ.–સીરાંમણ કેરી વાટલી, ઘસિમસિ કરતાં જાસિ ઢલી.'
કરિસિ ભક્ષ ભયંકર દૈત્ય, રગતબીજની થાસિઇ રીતિ.
ભૂંકણ ભસણ આન ભુંડીયાં, જિહાં મોહ ઉપાડયાં તિહાં ગીયાં.
'એક ગિરૂઆ નઇ બીજી ગાઈ, લાવનિ કરતાં લાગિ પાય.' ૮૧૧
મંદો.–પીઆરી ચાડિ પલિવંગ,' અંબર પડતાં ઉડિ અંગ.'
સવાલાખ શૂં કરવા જિણ્યાં ? જે જોતાં નિશિહર નિરજણ્યાં.
'ભોજાઇ ભરિયોવનિ વહૂ, મામી મિલતી કરિસિ સહુ.'
'હજી અંગૂઠઇ મૂંકી આજ, કોઇ કાહાણીઉ ન રહિસઇ રાજિ.' ૮૧૨
રાવ.—રાજા રઘુવંસીની વેલિ, તેં હોઅચિ કિમ થાસિ કેલિ'?
કોશલ્યા કૂખિઇં અવતર્યો, 'એકુ અરથ ન તિણઇ સર્યો.'
'કેગઇ ભુઇ કો ટીંબઇ ચડી ? નાહા જલિ જિમ પાખી પડી.'
'મુખ દેખી ફૂંકમિ કેમલ્યા, માકૂઆડિનાં બીઠાં મિલ્યા' ૮૧૩
મંદો.–માલી રૂઠો લીયે ફૂલ, વાઢી વેણિ ન માગઇ મૂલ.'
તિમ તૂં કપિ ઊપરિ કોપીયુ, 'ટીપણી હર ના પાવક થયુ.'
જઉ તીતર તિલ મડો ખાય, અધિલો દામ ન અધિકો થાય.'
તિમ સુરસત્રુ વધાર્યા સવે,' વેલૂ થલિ લીંપ્યા લેખવે.' ૮૧૪
રાવ.–'ખાવી રજ ભીંતરિ કાકરા,' મલતાં રાઘવ પોહતી જરા.
'લીંપઇ પાગ ન સરિ છાંહીંઉ, ત્રીજી ડિસ ન દીઠત લીયે.'
'માહારા મગ તાહરી તોલડી, મીઠા પખિ અલૂણી પડી.'
ઇશ્વરની વાંછઇ ઉપમા,' ભીખારી નઇ ઉન્હાં જિમાં.' ૮૧૫
મંદો'–જિમ કાંબલ ભીજઇ તિમ ભાર, ઘણી સઇયાણી વેત્રવિકાર'

મિલ્યા કુમંત્રી ઘડયો ઘાઘ,' વાવ્યો વ્રક્ષ તણો વછનાગ.'
'હજીઅ ન વલ છાંડી દોરડી, ચણીઉં ચાંચઇ લીધું ચિડી.'
'ધીકઈ પંજર ધૂંમ વિશાલ, ઉચો આભ નીચો પાતાલ.' ૮૧૬
રાવ.—તલિ પઈસી ક્ષિતિ કાઢું ખણી, સર સાધું સરગાપુર ભણી.
જલ જંગલ પરિ પેખું ઘણી, ચૌદઈ ભુવન કરૂં ચાલણી.
એ વિખ તરુઅર હું ત્રિપુરારિ, એ કેશર મૂં માધવ સારિ.
એ માનવ નઇ હું સુરશત્ર, 'ઉદયો દિનકર નમ્યાં નક્ષત્ર.' ૮૧૭
મંદો.—ક્ષત્રી સહસાર્જુંન માનવી, દેખઈ પાડયો દસમુખ દાનવી.
સુર નરપતિ જિણઇ નિરજણયો, તે સઘલાં આઉધસૂં હણયો.
બીજે રાઘવિ તે રોલયો, તિણિ વાનરિ તુહનિં રોલયો.
'કનક સરિખો સોમલખાર, માલિમ બેઠી બોલણહાર.' ૮૧૮
રાવ.—હરિ ફરસીધર મંકયૂં માંડ, જાણું જનયા થાસિ રાંડ.
નહીંતરિ' છપન તણાં મોઢૂયા, જણે જણ પાસિ ગણાવત જૂઆં.'
ઈણઇ વાલિ વરાસિ હણિઉં, અવધ્યાંપતિ તિણઇ ભણિઉ.
'ટીંબર તલિ ગયા તે વીસર્યો, 'ભાદ્રવિ ફૂટી દેખઇ ભર્યો.' ૮૧૯
મં.—ભૂર ભલા ભડ તાહારા મરિ, રાઘવ 'પરિ પરિયટની કાર.'
'અલગાં તૂર વજાડઈ આપ, પરહુંણા પાહિ મરાવઇ સાપ.'
ખાડિ ચડાવિ દશરથ પુત્ર, 'કુએ પડતાં કુસાલ પામૈત્ર.'
'વિષહર વાઘ વહ્નિ સીહાણિ? એમ અગનિ ટાઢી સુહકાણિ.' ૮૨૦
રા.—'કાંણી આંખિ ન કસવટિ રહિ, બગ વાણાં વાધિ સહુકો કહિ.'
તેહવૂં દલ સિઉં કરસિ વઢી ? 'ભરડા ભુઈ મૂંકી મઢી ?'
કાયર કૃપણ કૂડ લોભીયા, માયામૃગ મારેવા ગયા.
કારણ કનક નારિ નીંગમી, 'વિષ રાખતાં વિણાસિઉં અમી.' ૮૨૧
મં.—ઈમ જાણે સીતા સંખિણી, માહા સતી સૂરશત્રહ તણી.
પહિલઇ પગલિ લંકા દહી, વડા વચ્છની વાલી વહી.
ખાધા ખરદૂખર જે ખૂંટ, 'હડિ હાકતાં પઈઠઉ ઉંટ.'
તિમ દશશિર લેસિઇ દોહવી, 'મુંહધી શુંઠ માણૂંઈ મવી.' ૮૨૨
રા.—મા વસિ કહિસિમ કરેસિ ઘણી, 'વિણુ પુછઇ વિધિ વિપ્ટી તણી.'
કન્યા કોડિ કરિ સહુ કોઇ, 'મુહડા મુહડિ માણું ન હોઇ.'
'કેસરિ પાહ કરડાવ્યું ભલું, ભસણિ ભસિ તે અતિ દોહિલૂં.'
'પાડિ મ માથા ઉપરિ વાટ, અણહૂંતા લાગિ ઉંચાટ.' ૮૨૩
મં.—ચોટી ધરિ કરિ ચંપિઉ તલિ, સહસાર્જંન પુણ બાંધિઉ ગલિ.
બીજઉ કપિ કુકંધ્યા તણિ, બહુરૂપીઆ બાંધ્યો પાલણિ.

શ્રીઈં મૂંકાવિઉ ત્રાગૂં કરી, ક્ષતિપતિ નઈ ' ખોલો પાથરી.'
હવડાં લાધૂં પુરૂષારથ તણી, 'વાટી વિરાણિ ત્રાટિ તણી.' ૯૨૪
રા.–તિણિ વચનિ સુણી 'સિર થકો, ચાલ્યો ચરણ લગિ ચાટકો.'
રાતાં લોચન રીસિઈ ભરિયાં, દસ મસ્તક થડથાં થરહરિયાં.
અસુર ન મારિ અબલા પાત્ર, 'ઘરણી હણી ઘરિ ખણવૂં ખાત્ર.'
'વરિ વયરી પણિ પંડિત ભલો, પ્રીતિવંત પામર દોહિલો.' ૮૨૫
મં.–દોહિલૂં દૂમરણ ન દીઠું તહીઇં, કલંક પૂરાં લાગાં જહીંઇ.
એક ભગનિ મયદાનવિ હરી, બીજી લખમણિ લટપટ કરી.
શુડાં ગોત્ર મંત્રી માઉલા, હઈયું હજીય ન છંડિ ગલા.
'વિણ પલકો નર વારિઉં કરિ, પલકચો સીસ વઢાવિ સરિ.' ૮૨૬
રા.–સરિ મંદોદરિ બોલી અસિઉં, કવિ જંપિ હવિ કીજઇ કિસઉં?
'જઉ લીજઇ નવ લાખિઈં નવી, તો પણિ વાણહી પગિ પહિરવી.'
'રાંડ ભાંડ નિ સાંઢ સમાન, આગઇ કર જોડયા ઇશાનિ.'
'એક અબલા નઈં એહેરૂ તણાં, કર્મં થોડાં નઇં આક્રમ ઘણાં.' ૮૨૭
મં૦–'ઘણિ લાડિ લાજઇ માવડી, રાવણ રેસિ રીસ તવ ચડી.
લીધૂં અશિમર ઊભઈ થઇ, વીણ વરાંસિ ગોફિણિ ગ્રહી.
કોપ્યો કંત હવિ કેહનિ કહિ? 'પરવત બલતાં પાવસિ રહિ.'
શ્રદ્ધા સમચેી સસરા ભણી, વાહાર કરિ કુલિવહૂઅર તણી.૮૨૮
કવિ–તિણિ સમઇ પધાર્યાં પિતા, મૂંકાવી મઇદાનવ સૂતા.
પગિ અણૂહાણિ અનિ એકલી, મંદોદરિ મંદરિ મોકલી.
પછઇ પ્રજાપતિ કીધી રીસ, દોષ ન દીઠો તઇં દસસીસ.
શ્રદ્ધા–એકજ આપસવારથ ગણો, 'બલી ભઇંસિ પાડો જણો.' ૮૨૯
જિણિ અવસરિ હૂતો વનવાસિ, ડંડ મંગાવ્યો મુનિવર પાસિ.
કુલકાતર કત્યા પાઠવી, તે હવડાં પરિપૂરણ હવી.
સરજૂં સંભુ ન છૂટઇ ઘડી, 'આંણી વીંછણિ છાંણિ ચડી.'
'ખણતાં મૂલ મોભિં નીકલી, છાંણિ વાવી પાહાણિ ફલી.' ૮૩૦
કુલિ સાંભલિ તે શીતાતણાં, વરદા વિઘન વિણાસ્યાં ઘણાં.
સતિ પતિવ્રતા નઈં પદમની, અંબા ઉદરિઇં તે ઊપની.
પ્રતિમા પારવતી અવતાર, ભણી જનેતા (જઇ) કરઇ જૂહાર.
વહુનો વાદ થયો ઘર માહિ, 'ભૂલા શેઠ કહો આવ્યા ઠાહિ.' ૮૩૧
ઠામિ ઠામિ તૂં વરાંસિઉ વચ્છ, મૂં જોતાં મતિ તાહારી તુચ્છ.
નર કેરિ મરણ લેસિઉં જહીઇં, તઇં સુત સાલ ન ટાલિઉ તહીઇં.
કૂડો રહો કુંઅર આપણો, દારા દોસ નવિ દીજઇ ઘણો.

'ભૂલો ઘણુ અહિરણિ ચર્કચૂરિ, જનક જનેતા ઉપરિ સૂર.' ૮૩૨
રા૦–સુર સહુઅ તુમ્હ સરખા મલિ, માંણુ ન મંદોદરિનું ટલિ.
જે ગતજનમિ હુંતિ ડેડકી, ઋષિ રાખ્યા વિષવેદન થિકી.
(તે) પૂર્વિં પુણ્ય તણિ પરતાપી, અંતકરાય સકિ ઉથાપિ.
'વર વાહુલીઆ જાસિઇ વહિ, રહિસિ નારી નદી નિરવહી.' ૮૩૩
મં૦–વહિ નીર પરઘરિ પાફણી, ભૂખ નિવારી ભરતા તણી.
અશવા અવસરિ દેખી આથિ, પહિલી રાડિ કરિ પ્રીઉ સાથિ.
બ્ર૦–રાવણ રોસ ન કીજે ઘણો, ભૂંડો ભલો જનમ જામણો.
તન મારી તન મૂંકી જાય 'ગલી રયણુ જિમ બઇઠી ગાય.' ૮૩૪
ગૌરી પીઠ ન પડી પલહાણુ, તં કુલદીપક કાંઇ ન જાણુ.
જે હણુતાં હિયઈ આડા હાથ, તે નાસતાં કિમ મારિ નાથ ?
તઈ ડારી એ 'ભાગો ભારિ, ત્રિણ્ણ ઊપરિ સી તરુઆરિ ?'
'આઊધ ઊગામિ જેતલાં, તાકી કો મૂંકિ તેતલાં ?' ૮૩૫
રા.—તિલક તમો તેત્રીસહ કોડિ, દસશિર જંપઇ દોઇ કર જોડિ.
'છોરૂ છાંડિ કછોરૂ હોઇ, માત કુમાત ન કાહાવિ કોઈ.'
'એક કંદ્રપ નઇ બીજો ક્રોધ, જે જાલવી સકઈ તે યોધ.'
રાવણ વયણ સર્વ સાંભલ્યાં, ધનિ ધનિ કહિતા બ્રહ્મા વલ્યા. ૮૩૬
વલી પધારિયા ઈસર આવાસિ, મતિ દેવા મંદોદરિ પાસિ.
ઈશ્વર.—મયદાનવી કુંયરિ કહાવિ, ચઊદ ભવન માંહિ ભલૂં ભણાવિ.
વર સાહામાં વાયક ઊચર્યાં, તે સઘલાં ધુરિ કુડાં કર્યાં.
'દાવાનાલ દાધૂં પાલવિ, જીભ તાણું જંવારિ નવિ.' ૮૩૭
નવકુલ નાગ અમર તેત્રીસ, જાણુઇ સુગતિ ઉપાસઇ ઇસ.
વિષ્ણુ ભગતિ વાણી વિસ્તરિ, તે રાવણ કિમ કલી મુખ કરિ ?
વહિ વેદ સંધ્યા સાતરી, ષટકર્મ ચાલિ ન ચૂકઇ કિસી.
સર્વ જીવ ઊપરિ સમચિત્ત, 'ગંગોદક નિઇ ચરણામૃત્ત.' ૮૩૮
મૃત્ય રાંમ કરિ માગૂં માંડ, કુલ કાઢિવા કુંભી કુંડ.
દેખી લંકિ અસુનાં લક્ષ, 'જે ચણીયારિ ઘાલી ચંક્ષ.'
સુગતિ માગવા મુંકિઇ રાજ, તે અલહીઉ કિમ કહીઇ આજ ?
સુખ સંવરિ સર્વ સતઈ રહિ, 'લોહ નાંખી સોનૂં સંગ્રહી.'૮૩૯
ગ્રહી સીતામનિ માતા ગણી, 'ઊહનો વાય નાવઈ તે ભણી.'
રખવાલિ રાખી રાક્ષસી, બીસ સહસ વલી ત્રિજટા જસી.

૮૩૧-૪–" વહુ વાદથી ઉધરી ગાંમ " પાઠાંતર.

જાણું રામ વસઇ વનવાસિ, વૈદેહી કિમ રાખૂં પાસિ ?
વિણસઇ ધર્મ સતી સંવાહિ, 'ગંગા જમનાં જલ લેતી જાય.' ૮૪૦
ઇશ્વર—જયવિજય દોઇ દ્વારા અંતરી, સોય અવતારીયા સાપિઇં કરી.
સ્વામી વચન ' બાંધી સઊણગાંઠિ,' વયર કરી જાસિઇં વૈકુંઠિ.
' લેખઈ ચોખઇ કરતાં મરઈ, સુંચલ સુંઠિ ન સાજા કરિ.'
' ડાહા પ્રતિ ન ડાહા થઈઇ,' મંદોદરિ મતિ જાગિ કહઇ. ૮૪૧
હઈયડિ નિર્મલ તણું અહેનાણ 'ઉજડ માંહિ ન ભાંજઇ આણ.'
' વિષ વેદન ટાલી વિપ્રીત' પિતા સુતા પરિ લાવ્યો શીત.
આંણી મૂંકી માંહિ અશોક, તે રાવણ નઇ કેહો દોષ ?
હાડ ન ગૂઢ ન જીભ ન જાકિ, 'તરણા ચોર તે ત્રગુસઇ ભાખિ.' ૮૪૨
પ્ર.— ભાખિ કમલાસન સુણિ વહૂ, ભુવન ત્રિણિ તન્હ સૂઝઇ સહુ.
જહીઈ હરિ હનમંત આવયો, મન ઊપલ્યાં કરિ વનિ ગયો.
દેત દુર્મંતિ નઇ સીતા સતી, અસ્યું જણાવ્યું અવધ્યાપતી.
'ખોડિ ખાડ પડઈ સહુકોઇ, સુહણઈ સ્વર્ગ ન પામિ કોઇ.' ૮૪૩
સોઇયા વહની નઇ સાંકલી, તે અબલા તૂં પાહિજ ભલી.
ભરતા ભગતિ ન કીધું ભંગ, જીત્યા પાવક અનઈ પતંગ.
તઇ દસમસ્તક દૂહવ્યો ઘણૂં, મૂહ લાજઇ મઇદાનવ તણૂં.
'પાણી દૂધ પટંતર હુસિઈ, કેહની વહુ કેહના જુહારસિઇ?' ૮૪૪
કવિ.–રીસ નિવારૂં રાણી ભણઇ, લાગી પાગિ પિતામહ તણઇ.
પ્રીઅ સરસો કીધો પ્રસંગ, વહ્યા વિધાતા ' વરતો - રંગ.'
'કથં કપટ નઇ કામિનિ કલહિ, અજાયુધિ પરિ જાસિઇ વિલહિ.'
'ઘરિ ગુલ રાડિ ન પાડિવિ સલ, ચખિ દેખતાં કાયા કુશલ.' ૮૪૫
મં.– કુશલ ન કહીઈ વનિતા ભણિ, ' નાચઇ નાચ ટેકૂઆ તણિ.'
'છેહલિ ક્યારી પાણી ગયું', કાઢયો જીવ નઇ કરકૂ રહિયું'.
ગાડું ગયું લીહટી તગતગિ, પટઈલ તાણી પાહરડા લગિ.'
આપિ શીત કાં કરઇ સંગ્રામ? ઉઠિ અસુરપતિ 'રૂઠો રામ.' ૮૪૬
કવિ–રામિ રાવણ નઇ ઘટકરણ, તારિયા કુંવર કુલ આભરણ.

આવાગમન કરી ઊભગા, તઈ સરગાતિ રાખ્યા શ્રીરંગા.
અચલ વિભીષણુ આપ્યૂં રાજ, વલી પાડિઉં વાનરનૂં કાજ.
સીત સહિત અવધ્યાં આવીયા, ભરત શત્રૂઘ્ન સાહમા ગયા. ૮૪૭
ગયા નગરિ નરનાયક નારિ, યમહર જમત્રી હેમકુમારિ.
પંચશબદ શીક્રિરિ સરિ ઢલિ, આગલિ અધિપતિ પાલા પુલિ.
સિંઘાસણુ બઇઠા શ્રીરામ, સકલ લોકે લાધો વિશ્રામ.
સવિ ઉપગાર અમીરસ થયા, કવિ સીધર નઇ કીત્રી મયા.
મઇ મતિમાનિ વાત વીનવી; અધિકું ઊણું ખમયો કવી. ૮૪૮

પૂર્વછાયો.

મઇં ઊખાણા અતિ ઘણા, કીધા કવિત મઝારિ,
' કાવડિ ભરતાં કાપડી, વરઈ ન વેણી વારિ. ' ૧
'સંવત પનર પાંસઠ્ઠઇ, જીરણુદુર્ગ ' નિવાસ,
પૂરણુ ચ્યારિ ચોપઈ બિસઇ, બાંધી બુદ્ધિપ્રકાસિ. ૨
પરકાસિ પાતિગ ટલિ, મંદોદરિ સંવાદ.
સાંભલતાં નરનારિ નઇ, સારંગધર પરસાદ. ૩
પ્રકાસિં પાતિક ટલિ, શલ્યા વર સંવાદ,
રાવણુ રૈસિ મંદોદરી, કીધી કથા અનુવાદ. ૪
સોમ ' મંત્રી સહસા સુ તન ' કવિતા ' સીધર ' નામ.
ઉતપતિ મોઢ અડાલજા, તસ તુહા શ્રીરામ. ૫

ઇતિશ્રી મંદોદરી સંવાદ ચઉપઇ સંપૂર્ણ.

સંવત ૧૭૦૫ વર્ષે વૈશાખ શુદિ ૧૫ દિને કાસિમપુર મધ્યે ઋષિશ્રી ૫ રાજપાલજી તસ્ય શિષ્ય મુની વીરજીલિપિકૃતં સ્વયં પઠનાર્થં. ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીના ઉપમંત્રી રા. હીરાલાલ પારેખ તરફની પ્રતિનું છેવટ આ પ્રમાંણે છેઃ—

" સંવત ૧૬૭૯ વર્ષે અશાઢ પ્રમાણુ વદિ૫ ભોમે શ્રી અમરેલી વાસ્તવ્યે શ્રી કલ્યાણુ મસ્તુ.

પ્રબોધ બત્રીશી

અથવા

માંડણ બંધારાના ઉખાણા

સમજુતી

૧ ભક્તિવીશી

પૃષ્ઠ ૧

૧ પ્રબોધ બત્રીશી—ઉપદેશનાં બત્રીશ કડવાંનો સમૂહ. માંડણકવિ કડવાંને 'વીશી' નામ આપે છે; કારણ કે છ છ પદના એક એવા વીસ છપ્પાનો એ પ્રત્યેક વીશીમાં સમાવેશ કરે છે. બંધારો–છીપાઓની પેટાજ્ઞાતિ બંધારા કહેવાય છે. બંધારાઓનો ધંધો ઘાટડીઓ, ચુંદડીઓ કે અતલસ આદિ ગલવાળાં વસ્ત્રોને ગલ પાડવા માટે પ્રથમ સળીઓથી ઉપસાવી દોરાથી બાંધીને પછી રંગવાનો હતો. આ ધંધો માત્ર બંધારાઓને હાથ નહીં રહેતાં ગૃહઉદ્યોગ તરીકે કુલસ્ત્રીઓને હાથ ગયેલો છે. બાંધણીના ઉદ્યોગસ્થાન પેથાપુરમાં કે અતલસના ઉત્પત્તિસ્થાન અમદાવાદમાં હજીએ થોડો થોડો આ ઉદ્યોગ પ્રચલિત છે. 'બંધારા' શબ્દ માટે જુઓ:

"જીરે! કીયો રંગારો રંગી ગયો? જીરે! કીયે બંધારે બાંધી ભાત?
મેં ઓઢી રે ચુંદડી."

(બાલા ભોળાનાથ સંગ્રહિત શ્રીગીતો.)

ઉખાણા [સં. आमाणकः]—કહેવતો, લોકોક્તિઓ, લૌકિક ન્યાયો. આગઈ–પૂર્વે. કવિત્યા–કાવ્યમાં ગાઇ ગયા. ગંગા......સંગ્રહી–લોકજીવનની ગંગાનાં જલપુરો પુષ્કળ વહી રહ્યાં છે; છતાં આપણી શક્તિના પ્રમાણમાંજ આપણે એ જલનો સંઘરો કરી શકીએ છીએ; તેમ લોકજીવનમાં પ્રચલિત આ સંખ્યાબંધ કહેવતોમાંથી હું પણ મારી શક્તિ અનુસારજ આટલીએ ભેગી કરી શકયો છું. તોય [સં. तोयं] —પાણી. ચોરી ભાગિ......હોઈ—હું એ કહેવતો મારી કરી લઈશ છતાં તે મોંઘી [સં. महार्घक] નહીં થાય.

૨ હીઈ–હૈડે. ઉલ્હસી [સં. उल्लासः]–ઉમંગ લાવીને. જેતા...તેતા—જેટલા તેટલા. લહઈ—સ્વીકારો. ઝંખ–ઝખ. વાયુ [સં. वादयति–वादितकः वाइयउ]–વાયો, વગાડયો.

૩ ખ્યાણ [સં. व्याख्यानः]—આખ્યાન, કથા. મિલ્યા [સં. मिल्]–ભળ્યા. જાણે તિલ......ભલ્યા!—જાણે કે તલ અને કોદરા [કોદ્રવ] ભેગા થઇ ગયા! તેહની......હોઈ—તલ અને કોદરા એકઠા થયા પછી કોદરાની ઘેંશ નહીં થઈ શકે કે તલની ઘાણી થઈ ન શકે, વિચારસામ્ય માટે જુઓ: